પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવા હિલચાલ

રૂપિયો મજબૂત બનતા તથા ક્રૂડની કિંમત ઘટતાં નવી આશા : ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ટૂંક સમયમાં કિંમતો ઘટાડી લોકોને રાહત આપવા ઈચ્છુક : સ્થિતિ ઉપર ઓએમસીની ચાંપતી નજર : નવા વિકલ્પ ઉપર ચર્ચા

અમેરિકામાં રોજ પેટ્રોલના ભાવમાં સુધારાઓ થાય છે

મુંબઈ,તા.૨૪

ઓઈલ માર્કેટીંગ કંપનીઓ લોકોને વારંવારના ભાવવધારાના બોજમાંથી રાહત આપવા નવી રણનીતિ ઉપર આગળ વધી રહી છે જેના ભાગરૂપે ટૂંક સમયમાં જ સાપ્તાહિક આધાર ઉપર અથવા તો દ્વિસાપ્તાહિક આધાર પર અથવા તો સપ્તાહમાં બે વખત ભાવવધારા અથવા તો ઘટાડા અંગે નિર્ણય લેવામાં આવશે. અમેરિકામાં પેટ્રોલની કિંમતમાં દરરોજ સુધારો કરવામાં આવે છે. ઘણા દેશોમાં પણ કલાકના આધાર પર તેમાં સુધારો કરવામાં આવે છે. અમે પણ સાપ્તાહિક આધાર ઉપર અથવા તો દ્વિસાપ્તાહિક આધાર ઉપર આ રણનીતિ અપનાવવા માંગીએ છીએ જેથી સુધારા યોગ્ય રીતે આગળ વધે અને એકાએક કરાતા ભાવવધારાના બોજથી સામાન્ય રીતે બચી શકે. બીપીસીએલના ચેરમેન આર કે સિંહે કહ્યું છે કે સરકારે પેટ્રોલની કિંમતમાં ભાવવધારાના સમયે અને તેના પ્રમાણ અંગે સંપૂર્ણપણે સ્વતંત્રતા આપી છે પરંતુ આનો મોટો ફાયદો થઈ રહ્યો નથી. કારણ કે હજુ પણ દુવિધાભરી સ્થિતિ રહેલી છે. પેટ્રોલની કિંમતને ૨૦૧૦માં અંકુશમુક્ત કરાઈ હતી પરંતુ ઓએમસીને પેટ્રોલની કિંમતમાં સુધારા કરવાની મંજૂરી અપાતી નથી જેથી ગ્રાહકો ઉપર કોઈપણ બોજ ઝીંકતા પહેલા સરકાર પાસેથી બિનસત્તાવાર મંજૂરી લેવી પડે છે. આના પરિણામ સ્વરૂપે ૧ પમી સપ્ટેમ્બર સુધી ઓએમસીને નુકસાન એક અબજ ડોલર સુધી પહોંચ્યું હતું.

મુંબઈ,તા.૨૪

મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોની ટૂંકમાં આંશિક રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ આંતરરાષ્ટ્રીય

ક્રૂડની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે. સાથે સાથે ડૉલરની સરખામણીમાં રૂપિયો મજબુત બની રહ્યો છે. આ સંજોગોના કારણે ઓઈલ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં ટૂંક સમયમાં જ ઘટાડો કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ક્રૂડ ઓઈલની કિંમત પાંચ દિવસ અગાઉ ૧૧૬ ડૉલરથી ઘટીને ૨૦મી સપ્ટેમ્બરના દિવસે ૧૦૬.૭૪ ડૉલર થઈ ગઈ હતી જેના પરિણામ સ્વરૂપે હવે પેટ્રોલની કિંમતમાં ઘટાડો થવાનો આશા જાગી છે. જો આવી જ સ્થિતિ

વધુ થોડાક દિવસ રહેશે તો પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવામાં આવી શકે છે. આના માટે ઓઈલ કંપનીઓએ ગણતરી પણ શરૂ કરી દીધી છે. ઓઈલ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે રૂપિયો ૨૧મી સપ્ટેમ્બરના દિવસે ચાર મહિનાની ઊંચી સપાટી ૫૩.૪૭ સુધી પહોંચી ગયો હતો. તે ગયા સપ્તાહમાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સુધારા પગલાંના પરિણામ સ્વરૂપે વધુ મજબૂત બને તેવી શક્યતા છે. આવી જ રીતે ક્રૂડમાં પણ ઘટાડો થયો છે. સામાન્ય રીતે એક ડૉલરની કિંમત ક્રૂડ ઓઈલમાં ઘટે તો પેટ્રોલની કિંમત ૩૩ પૈસા ઘટી શકે છે. આવી જ રીતે રૂપિયો મજબૂત બને તો પેટ્રોલની કિંમતમાં ૭૭ પૈસાનો ઘટાડો થવાના સંજોગ ઊભા થાય છે. આ તમામ કારણોને ધ્યાનમાં લેવામાં આવે તો ચોક્કસપણે પેટ્રોલની કિંમતો ઘટી શકે છે.

બીપીસીએલના ડિરેક્ટર (ફાઈનાન્સ) એસ વર્ધરાજને એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં આ મુજબની વાત કરી છે. તેમણે કહ્યું છે કે સામાન્ય લોકોને રાહત આપતા પહેલાં હજુ થોડાક દિવસ રાહ જોઈશું. તેમના જણાવ્યા મુજબ પેટ્રોલનું હાલમાં લાભ નહીં અને નુકસાન નહીંની દૃષ્ટિએ વેચાણ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું છે કે વારંવાર સુધારા પ્રક્રિયાને પણ તે હાથ ધરવા માગે છે જેથી કિંમતમાં ઊથલ પાથલનો તરત જ લોકોને લાભ આપી શકાય. સાથે સાથે કોઈપણ રાજકીય અથડામણને પણ રોકી શકાય. રાજકીય ગૂંચવણના કારણે વધુ મોટી સમસ્યા ઊભી થઈ જાય છે. આઈઓસીના ચેરમેન આર એસ બુટોલાએ કહ્યું છે કે સરકારે ડીઝલની કિંમતોમાં વધારો કરી પેટ્રોલ પર ડ્યુટીને ઘટાડો કરી તથા દર વર્ષે એક પરિવારને એલપીજી સિલેન્ડરની સંખ્યા છ કરવાના સાહસી નિર્ણય લીધા છે.

કેન્દ્રના કર્મચારીઓના ડીએમાં ૭ ટકાના વધારો

૮૦ લાખ કર્મચારીઓને તીવ્ર મોંઘવારી વચ્ચે મોટો ફાયદો : પહેલી જુલાઈ ૨૦૧૨થી મોંઘવારી ભથ્થામાં વધારો અમલી બનશે : તિજોરી પર ૭૪૦૦ કરોડનો બોજ પડશે : તહેવાર પહેલા વધુ મોટી જાહેરાત કરાઈ

નવી દિલ્હી,તા.૨૪

કેન્દ્રિય કેબિનેટ આજે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થામાં સાત ટકાના વધારાને લીલીઝંડી આપી હતી. આની સાથે જ તીવ્ર મોંઘવારી વચ્ચે કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોટી રાહત થઈ હતી. આ લીલીઝંડીથી કેન્દ્ર સરકારના ૮૦ લાખ કર્મચારીઓને સીધો લાભ થશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને પણ સીધો લાભ થશે. અગાઉ આર્થિક બાબતો અંગે કેબિનેટ સમિતી અને ઈન્ફ્રાસ્ટ્રકચર અંગે કેબિનેટ સમિતીની બેઠક શુક્રવારે મળનાર હતી. પરંતુ આ બેઠક સરકાર દ્વારા જાહેર કરવામાંઆવેલા મોટા સુધારાઓને લઈને હોબાળો થતા મોકુફ કરી દેવામાં આવી હતી. મોંઘવારી ભથ્થામાં વધારો પહેલી જુલાઈ ૨૦૧૨થી અમલી બનાવવામાં આવશે. કર્મચારીઓ આ તારીખથી એરિયર્સ મેળવવા માટે હકદાર રહેશે. ડીએમાં વધારાના પરિણામે તિજોરી પર ૫૦૦૦ કરોડનો વધારાનો બોજ પડશે. સંપૂર્ણ નાણાંકીય વર્ષ માટે બોજ ૭૪૦૦ કરોડ રહેશે. સરકારે આ વર્ષે માર્ચમાં ડીએમાં વધારો કર્યો હતો. આને ૫૮ ટકાથી વધારીને ૬૫ ટકા કરવામાં આવ્યો હતો. આને પહેલી જાન્યુઆરી ૨૦૧૨થી અમલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હવે આને વધારીને ૭૨ ટકા કરી દેવામાં આવ્યો છે. સરકારે નિયમિત ગાળામાં ડીએમાં વધારો કર્યો છે. ડીએ ઈન્ડસ્ટ્રીયલ વર્કર માટે કમ્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારિત હોય છે.

કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ રીટેઈલ કિંમતોમાં ફેરફાર પર આધારિત હોય છે. ઓગષ્ટ મહિનામાં ફુગાવો ૧૦.૦૩ ટકા થઈ ગયો હતો. જે જુલાઈ મહિનામાં ૯.૮૬ ટકા હતો. તહેવારની શરૂઆત થઈ રહી છે ત્યારે કેન્દ્ર સરકારના કર્મચારીઓને રાહત થઈ છે. આગામી દિવસોમાં ગુજરાત સરકાર પણ આ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. કેન્દ્ર સરકાર હાલમાં એકપછી એક સુધારા પગલા લઈ રહી છે. દેશમાં આર્થિક વિકાસની ગતિને તીવ્ર બનાવવા સરકાર કટિબદ્ધ દેખાઈ રહી છે.

૨૦૧૩થી દેશભરમાં રોમિંગ ફ્રી થશે

ઈનકમિંગ ચાર્જ નહીં લાગે : ચૂંટણી વર્ષ પહેલાં મોબાઈલધારકોને મોટી રાહત : દેશભરમાં કોઈપણ જગ્યાએથી એકજ નંબરનો ઉપયોગ કરી શકાશે : વધારાનો ચાર્જ લાગશે નહીં : રાષ્ટ્રીય દૂરસંચાર નીતિમાં દરખાસ્ત ઉમેરવામાં આવી

નવીદિલ્હી, તા.૨૪

સામાન્ય ચૂંટણી યોજાય તે પહેલાં મોબાઈલ ધારકોને મોટી રાહત આપીને કેન્દ્રીય દૂરસંચાર પ્રધાન કપિલ સિબ્બલે આજે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૩થી સમગ્ર દેશમાં રોમિંગ ફ્રી થઈ જશે. આનો સીધો મતલબ એ થશે કે લોકોને દેશનાં કોઈપણ ભાગમાં ગયા પછી ઈનકમિંગ કોલ માટે ચાર્જ લાગશે નહીં. સિબ્બલે રોમિંગ ચાર્જ નાબૂદ કરવાની સમય મર્યાદા અંગે પૂછવામાં આવતાં કહ્યું હતું કે, આગામી વર્ષથી રોમિંગ ફ્રી કરી દેવામાં આવશે. રાષ્ટ્રીય દૂરસંચાર નીતિ ૨૦૧૨માં આનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દેશભરમાં એકજ નંબર કામ કરશે. ભારત ઈન્ટરનેટ ગવર્નન્સ કાર્યક્રમનાં પ્રસંગે વાતચીત કરતાં કપિલ સિબ્બલે કહ્યું હતું કે, રાષ્ટ્રીય દૂરસંચાર નીતિ-૨૦૧૨ને મે મહિનામાં લીલીઝંડી મળી ગઈ છે. આ નીતિ હેઠળ રોમિંગ ચાર્જ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. આવી સ્થિતિમાં મોબાઈલ ફોનધારક દેશમાં કોઈપણ જગ્યાએ એકજ નંબરનો ઉપયોગ કરી શકશે. પોતાનાં દૂરસંચાર સર્કલની બહાર હોવાની સ્થિતિમાં પણ વધારાનો ચાર્જ આપવો પડશે નહીં. દરમિયાન દૂરસંચાર સચિવ આર.ચંદ્રશેખરે કહ્યું હતું કે, દૂરસંચાર વિભાગ સ્પેક્ટ્રમ હરાજી માટે અરજી આમંત્રિત કરવાનાં સંબંધમાં નોટિસ ઉપર કામ કરી રહ્યું છે. ત્યારબાદ યુનિફાઈડ લાયસન્સ ઉપર કામ કરવામાં આવશે જે રાષ્ટ્રીય દૂરસંચાર નીતિ-૨૦૧૨નો એક હિસ્સો છે. એનઆઈએ ૨૮ સપ્ટેમ્બરે જારી કરવામાં આવશે. ટેલિકોમ પ્રધાનની આ જાહેરાતથી મોબાઈલનો વધુ ઉપયોગ કરતાં લોકોને મોટી રાહત મળી ગઈ છે. પ્રધાને કહ્યું હતું કે, મોબાઈલ ફોનધારકોને વધુ રાહત આપવા અમે યોજના બનાવી રહ્યાં છીએ.

કેન્દ્રીય કેબિનેટમાં મોટાં ફેરફાર માટે તૈયારી : ૧૫ નવા ચહેરા હશે

૨૦૧૪ લોકસભા ચૂંટણી પહેલાં મનમોહન સિંહના સુધારા એજન્ડાને આગળ વધારવાનો મુખ્ય હેતુ : અનેક મોટાં માથાઓને પક્ષની જવાબદારી સોંપાશે

નવીદિલ્હી, તા.૨૪

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કેન્દ્રીય કેબિનેટમાં ધરખમ ફેરફારનાં ભાગરૂપે આજે શ્રેણીબદ્ધ મિટીંગો યોજી હતી. વડાપ્રધાન મનમોહનસિંહ સાથે પણ સોનિયા ગાંધીએ બેઠક યોજી હતી. એવા સંકેત મળી રહ્યાં છે કે ટૂંક સમયમાં જ કેબિનેટમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવશે. પક્ષની નેતાગીરીએ ફેરફાર કરવા માટે કમર કસી લીધી છે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી આગામી લોકસભાની ચૂંટણી પહેલાં વડાપ્રધાન મનમોહન સિંહના સુધારા એજન્ડાને આગળ વધારવા યુપીએ સરકાર દ્વારા કમર કસી લેવામાં આવી છે. ફેરફાર માટેનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. અહેવાલ મુજબ ઓછામાં ઓછાં ૧૫ નવા ચહેરાઓને કેબિનેટમાં સામેલ કરવામાં આવી શકે છે. ફેરફારની તૈયારી ચાલી રહી છે ત્યારે તૃણમૂલ કોંગ્રેસનાં છ પ્રધાનોનાં રાજીનામાં બાદ કોંગ્રેસનાં વધુ સભ્યોને કેબિનેટમાં જગ્યા મળી શકે છે. મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ, એલપીજી સિલિન્ડરો પર મર્યાદા, ડીઝલની કિંમતમાં ભાવ વધારો સહિતનાં મુદ્દાઓને લઈને ટીએમસીનાં પ્રધાનોએ રાજીનામાં આપ્યા હતાં. કેબિનેટમાં કોને સામેલ કરાશે અને કોને નહીં કરાશે તેને લઈને રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા ચાલી રહી છે. સી.પી.જોશી રેલવે મંત્રાલયનો વધારાનો હવાલો હાલ સંભાળી રહ્યા છે. રેલ ભવન માટે તેમનું નામ નિશ્ચિત દેખાઈ રહ્યું છે. ૧૬ વર્ષનાં લાંબા ગાળા બાદ કોંગ્રેસ પાસે ફરી એક ચાવીરૂપ મંત્રાલય આવ્યું છે. ટીએમસીનાં છ પ્રધાનો બહાર થઈ ગયા હોવાથી પશ્ચિમ બંગાળનાં બેથી ત્રણ કોંગ્રેસી નેતાઓને કેબિનેટમાં સામેલ કરવામાં આવી શકે છે.

મોંઘેરા મોતી

● અનુસંધાન ચોથાનું ચાલુ

પુસ્તક પ્રકાશન જોઈ તો વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦માં 'દેડતાની સવારી', 'દાદા મને વાર્તા કહો', બાળવાર્તા સંગ્રહો. જ્યારે 'ઉડતા ડાયનોસોરની સવારી' તેમજ સામાજિક વાર્તાઓ પ્રગટ થવાની તૈયારીમાં છે. વર્ષ ૨૦૧૧માં 'પ્રિયજન' સામાચિકે રવજીભાઈ વિષયક વિશેષાંક પ્રગટ કર્યો હતો. પક્ષી જોડકણાં, બાળ કાવ્યો, વાર્તા લખતાં આ કવિ માટે બાળકો, વાલીઓને જ પોતાનો પુરસ્કાર માને છે. કુરૂઢિઓનું ખંડન કરનાર, ગાંધીજીના આદર્શોમાં જીવનમાં ઉતારનાર રવજીભાઈ નિર્વ્યસની છે અને વ્યસન છોડાવે છે અને કરકસર તથા સાદગીથી જીવે છે. વૈષ્ણવજનને અનુસરવાનો પ્રયત્ન કરતા રવજીભાઈને નાટકો લખવા, ભજવવા ગમે છે. સતત વાંચન, લેખન વચ્ચે રમમાણ રહેતા રવજીભાઈ વધુને વધુ ધબકતા રહે તેવી શુભેચ્છાઓ...

કેદી નંબર-૩૦૨

● અનુસંધાન ચોથાનું ચાલુ

એક રાત્રે મોટી ચોરી કરવા રઘુ બંગલામાં ઘૂસ્યો. સૂમસામ શાંતિ હતી. એક મોટા રૂમમાં પેલાં બંને સૂતા હતાં. ખૂણામાં તીજોરી હતી. રઘુએ માસ્ટર કી થી તિજોરી ખોલી અને અંદરથી રૂપિયાની થપ્પીઓ હતી તે તેની બેગમાં ભરી. ખુબ આનંદમાં તે હતો. વિચારતો હતો પિતાજીને પૈસાની વાત સમજાવી દઇશ. ખુબ મોટી રકમ મળી છે. બસ હવે આ છેલ્લી જ ચોરી. હવે ખુદ ઇંધો શરૂ કરીશ. આમ વિચારતો હતો ત્યાં ટેબલનો ખૂણો ભટકાતાં - તેની ઉપરનું ઘડિયાળ પડી ગયું અને અવાજ થતાં પેલું દંપત્તિ જાગ્યું. ચોર... ચોર... ની બૂમ તેમણે મારવી શરૂ કરી. રઘુ ગભરાયો. તરત તેણે બેગ પડતી મુકી કમરમાં છૂપાયેલ ખંજર લઇ પેલાં દંપત્તિ ઉપર ત્રાટક્યો અને ઘડીમાં બંનેને કાયમ માટે ચૂપ કરી દીધા. અને ધીરેથી બેગ લઇ બંગલામાં બીજા રૂમમાં ગયો. હાથ-મોં ધોયા. થોડો સ્વસ્થ થયો અને પૈસા જોતાં આનંદીય થઇ ગયો. પોતાની મહેનતની કમાણી છે તેનું જૂઠું તેણે વિચાર્યું અને ભલે રાત્રીના બાર વાગ્યા હોય પણ પિતાને ફોન કરી જણાવું કે 'રઘું આવે છે.'

રઘુએ મોબાઇલથી પિતાએ ફોન કર્યો. રીંગ વાગી પણ... રીંગ બાજુની રૂમમાં વાગી, રઘુ ચમક્યો. ધીરેથી પેલી રૂમમાં ગયો. હજુ રીંગ વાગતી હતી. રઘુ ગભરાયો. લાઇટ ચાલુ કરી અને રઘુના પગ નીચેની ધરતી સરી ગઇ. રઘુ ચક્કર ખાઇ ગયો. રઘુએ જે બેનું ખૂન કર્યું હતું તે જ પિતા અને માતા હતા. રઘુ પાગલની જેમ રડ્યો. બેહોશ જેવો થઇ ગયો. તેના પસ્તાવાનો પાર ન હતો. અરેરે....! મારાથી આ શું થઇ ગયું? તેમ તે બબડ્યો હતો. જીવનનો આ કેવો કારમો ઘા હતો!

તેણે જ પોલીસને ફોન કરી બોલાવી પોલીસ આ વાત જાણી અચંબામાં પડી ગઇ. રઘુજેલમાં ગયો.

જેલમાં તેને ખબર પડી કે તેના પિતાજીનું ઘર વેચાયું. તેમાં સારી રકમ મળી હતી. સોમાજીએ થોડાક પૈસાની લોટરીની ટીકીટ ખરીદી હતી અને નસીબ જોગે અગિયાર કરોડનું પ્રથમ ઇનામ તેમને મળ્યું હતું. સોમાજી પૈસાદાર બની ગયા હતા.

રઘુ પાસે આંસુ ખૂટી પડ્યાં છે. વસ્ત્રાપુરનો એ બંગલો વેરાન પડ્યો છે. રઘુ જન્મટીપની સજા ભોગવી રહ્યો છે રઘુનો કેદી નંબર યોગાનુયોગ ૩૦૨ છે. લોકો વાતો કરે છે કે ક્યારેક ક્યારેક તે બગલામાંથી કોઇકની ચીસ સંભળાય છે. કોઇક હજુ ત્યાં રડે છે.

ઝારખંડમાં સત્સંગ દરમિયાન ભાગદોડ : ૧૨ શ્રદ્ધાળુનાં મોત

રાંચી, તા.૨૪

ઝારખંડના દેવઘર જિલ્લામાં એક આશ્રમ ખાતે આજે સવારે સત્સંગ દરમિયાન ભાગદોડ મચી જતાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થઈ ગયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ ધર્મગુરુની વાર્ષિક જન્મ દિવસની ઉજવણી માટે શ્રી શ્રી ઠાકુર અનુકુલચંદ્રની સમાધિ ખાતે એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ એકત્રિત થયા હતા. યોગ્ય વ્યવસ્થા નહીં હોવાના કારણે તથા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ પહોંચી જવાના કારણે અવ્યવસ્થા ઊભી થઈ ગઈ હતી. વધુ પડતાં શ્રદ્ધાળુઓ પહોંચતા ભાગદોડ મચી ગઈ હતી. આમા ૧૨ લોકોના મોત થયા હતા. મૃતકોમાં આઠ મહિલાઓનો સમાવેશ થાય છે.

સમાચાર ઝલક

- નવા વર્ષ ૨૦૧૩થી રોમિંગ આખા દેશમાંથી દૂર કરવામાં આવશે.
- કેબીનેટ ફેરફારને પગલે વિદેશ પ્રવાસો રદ્દ કરતા પ્રધાનો.
- તા.૧લી ઓક્ટોબરથી પેટ્રોપપંપ હડતાળ મિશન-કમીશન.
- અમેરિકાના પ્રમુખપદ ચૂંટણી અત્યાર સુધીની સૌથી ઘુ મોંઘી હશે.
- રણબીર કપૂર અને પ્રિયંકા ચોપડા અભિનિત બરફી ફિલ્મને બોક્સ ઓફીસ પર ટંકશાળ પડી રહી છે, ૬૦ કરોડની કમાણી થઇ.
- પોરબંદરના કોંગ્રેસી સંસદશ્રી વિઠ્ઠલભાઇ રાંદડિયાને પ્રધાન પદ મળવાના ઉજળા સંજોગો.
- ખોટી સલાહ બદલ વકીલો સામે ફોજદારી કાર્યવાહી થઇ ન શકે, સુપ્રીમકોર્ટ
- સોનિયા ગાંધીનું વિદેશોમાં ૧ લાખ કરોડનું કાળું નાણું : સુબ્રમણ્યિમ સ્વામી.
- ગુટખા પર પ્રતિબિંધ આવતાં તમાકુ કંપનીઓએ સાદા પાનમસાલા વાળી સુગંધીત તમાકુની પડીકી બજારમાં મુકી.
- સોમવારથી ચોમાસાની વિદાય શરૂ, ૭૩ ટકા વિસ્તારમાં પૂરતો વરસાદ, દેશમાં વરસાદની ઘટ્ટ માત્ર ૫ ટકાં રહી.
- ઇસ્લામ વિરોધી ફિલ્મ સામે પાકિસ્તાનમાં હિંસક ભડકો, ૨૦નાં મોત, સેંકડો ઘાયલ, મોબાઇલ બંધ કરાયા.
- પોરબંદરના શીશલી પાસે આકાશમાંથી અપર એર સાઉન્ડ સીસ્ટમની કિટ ખાબકી.
- ડિસેમ્બરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજવા ભાજપની માંગણી.

રિયલ એસ્ટેટ માટે ટૂંકમાં જ પેકેજ જાહેર કરાય તેવી વકી

ઘણા પ્રોજેક્ટો બિલ્ડરો પણ જુદા જુદા પરિબળોના કારણે પૂર્ણ કરી શક્યા નથી : સિમેન્ટ અને સ્ટીલના ભાવ વધ્યાં

નવી દિલ્હી, તા.૨૪

સરકાર આર્થિક સુધારાઓની દિશામાં હવે ખૂબ જ તીવ્ર ગતિએ આગળ વધી રહી છે. હાલમાં જ લેવામાં આવેલા કેટલાક પગલાં બાદ હવે રિયાલિટી સેક્ટરમાં નવા પ્રાણ ફૂંકવા માટે પણ પેકેજની જાહેરાત કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. સરકાર રિયલ એસ્ટેટની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા કમર કસી ચૂકી છે જેના ભાગરૂપે બેંકો માટે ધિરાણ અને પ્રોવિઝન માટેના ધારાધોરણોને હળવા કરવામાં આવે તેવી શક્યતા છે. રિયાલિટી સેક્ટરમાં હાલ ઊંચા વ્યાજદર અને અન્ય ઘણા પ્રતિકૂળ સંજોગોના કારણે મુશ્કેલરૂપ સ્થિતિ દેખાઈ રહી છે. નાણામંત્રી પી. ચિદમ્બરમ્ કહી ચૂક્યા છે કે દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં આશરે પાંચ લાખ એપાર્ટમેન્ટ

ખાલી હાલતમાં છે. પ્રોજેક્ટોને પરિપૂર્ણ કરવા બિલ્ડરોને પ્રોત્સાહન મળે તે દિશામાં ધ્યાન આપવા ચિદમ્બરમ્ ઈન્ડિયન બેંક એસોશીએશન (આઈબીએ)ને કહી ચૂક્યા છે. ક્રેડીટ ગેરેંટી ફંડ દ્વારા ટેકો ધરાવતી એજ્યુકેશન લોન સ્કીમને સરળ કરાવવા પણ આઈબીએને કહેવામાં આવ્યું છે. બેંકરોએ કહ્યું છે કે નવી એજ્યુકેશન લોનના મામલે બેંકો આગળ વધી રહી છે ત્યારે હવે રિયલ એસ્ટેટ માટે પ્રોત્સાહન આપવા માટે ચર્ચા થઈ રહી છે. બેંકરો અને ઈન્ડસ્ટ્રી પ્રતિનીધીઓ સાથે નાણાં સચિવ ડી કે મિત્તલે હાલમાં મીટિંગ કરી છે. સરકાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ધારાધોરણોને સરળ બનાવવામાં આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી છે.

બિલ્ડરોને પ્રોત્સાહન...

- રિયલ એસ્ટેટ પ્રવૃત્તિ માટે ટૂંકમાં જ પેકેજ જાહેર
- રિયલ એસ્ટેટ સેક્ટરમાં આવેલી મંદીને દૂર કરવાનો હેતુ
- એકલા મુંબઈમાં પાંચ લાખથી વધુ એપાર્ટમેન્ટ હાલ ખાલી હાલતમાં છે
- પ્રોજેક્ટોને પરિપૂર્ણ કરવા બિલ્ડરોને રાહત આપવાની હિલચાલ
- ઈન્ડિયન બેંક એશોસીએશનને એજ્યુકેશન લોન સ્કીમ સરળ કરવા માટે પણ સૂચના અપાઈ
- ઊંચા વ્યાજદરના કારણે લોકો મકાન ખરીદવામાં ખચકાટ અનુભવ કરી રહ્યા છે
- સિમેન્ટ અને સ્ટીલની ઊંચી કિંમતો તથા ઊંચા લેબર અન્ય જમીન ખર્ચના લીધે બિલ્ડરો કિંમત ઘટાડી શકે તેવી સ્થિતિમાં નથી
- રિયલ એસ્ટેટ ડેવલોપર્સ દ્વારા પણ કેટલાક નવા વિકલ્પ ઉપર વિચારણા